ગાંધીનગર સમાચાર

# અરવલ્લીમાં વરસતો મનમોજીલો વરસાદ : ઘરેથી કોરા નીકળોને રસ્તામાં ધોધમાર ભેટી જાય

બાયડ તા.૧૮

અરવલ્લી જીલ્લામાં વરસાદની ગેમ પ્લાન પ્રજાને સમાજમાં આવતી નથી.ઘરેથી કામ કાજ માટે કોરાકટ નીકળો અને રસ્તામાં ધોધમાર સ્વરૂપે વરસાદ ભેટી જાય તેવું હમણાંથી વધુ જોવામળે છે.શનિવારે સવારે અસંખ્ય વાહન ચાલકો વરસાદની આ પ્રકારની ચાલમાં આવી ગયા જેમાં રાજેન્દ્રનગર થી મેઢાસણ સુધીના રોડ ઉપર વરસાદ નહતો.જયારે એથી આગળ કાબોલા,ખુમાપુર, લિંભોઈ પાટિયા અને મહાદેવપૂર સુધી ના રોડના પટ્ટામાં ધોધમાર વરસાદ વરસતાં દ્વિચક્રી વાહન ચાલકો અટવાઈ પડ્યા હતા.



લોક કહેવત છે કે વહુ અને વરસાદને ક્યારેય જશ મળતો નથી... કેટલેક અંશે આ વાત સાચી જણાય છે. વરસાદ ખેંચાયો ત્યારે વરસાદ માટે પ્રાર્થનાઓ થઈ હતી.જયારે હવે ભાદરવો ભરપૂર વરસવાના મૂડમાં છે ત્યારે અચાનક વરસાદ થી અનેક લોકો નાકના ટેરવાં ચડાવી બોલી રહ્યા છે કે આ વરસાદ જ્યાં ચડે છે ત્યાં વરસતો નથી એનું કારણ પણ છે.અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં અમુક સમયે ધોધમાર વરસાદની હાજરી હોય તે સમયે નજીકના બે કિલોમીટર દુરમાં સ્થળે વરસાદ હોતો જ નથી. તેમાંય હમણાંથી મોડાસા - રાજેન્દ્રનગર હાઈવે ના પટ્ટામાં કાબોલા થી મહાદેવપુર સુધી વરસાદની વધુ હાજરી થી સૌ કોઈ આશ્ચર્ય માં મુકાઈ રહ્યા છે. તા.૧૮ ના રોજ ઉપરોક્ત સ્થળોએ ફરીવાર વરસાદનું મનમોજી સ્વરૂપ જોવા મળ્યું હતું.હાઈવે નજીક ગામો માં માત્ર સામાન્ય વરસાદ વરસી અટકી ગયો જ્યારે હાઈવે ના ઉભા પટ્ટામાં અડધાથી એક ઈંચ વરસાદ વરસ્યો હતો.




## હિંમતનગર સાયન્સ કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત ધી.હિંમતનગર નાગરિક બેંક સાયન્સ કોલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પાંચ દિવસ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું જેમાં રંગોળી,મહેંદી સ્પર્ધા,હળવું કંઠ્ય સંગીત,નિબંધ લેખન સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવતા કોલેજના વિદ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.સ્પર્ધાનું આયોજન કોલેજની સાંસ્કૃતિક કમિટીના કન્વીનર ડો.એમ. એ પટેલ ,કાર્યકારી આચાર્ય ડો.જે એમ. પટેલ ના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.



## ધનસુરા તાલુકામાં કોવિડ રસીકરણ મહા ઝૂંબેશનો કાર્યક્રમ યોજાયો હતો

ધનસુરા તાલુકામાં કોવિડ રસીકરણ મહા ઝૂંબેશનો કાર્યક્રમ યોજાયો હતો ધનસુરા તાલુકા માં ૩૨ જગ્યાએ રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું તાલુકાના તમામ PHC અને CHC તથા સબ સેન્ટર અને અન્ય સ્થળ પર રસીકરણ કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો રસીકરણ માટે આવ્યા હતા.

# અરવલ્લી : સુકાવાંટડામાં યવતીએ ફાંસો લગાવી મોત વહાલું કર્યું

## બાયડમાં દવા પી મહિલાનો આપઘાતનો પ્રયાસ

બાયડ,( બ્યુરો ઓફીસ) તા.૧૮

અરવલ્લી જિલ્લામાં આપઘાત ના બનાવ ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. ગત રોજ ધનસુરા તાલુકાના સુકાવાંટડા ગામે કોઈ અગમ્ય કારણોસર રમીલાબેન શૈલેષ ભાઈ ખાંટ ( ઉ. વ.૨૧) એ પોતાના ઘરના રસોડામાં ગળે ફાંસો લગાવી મોત વહાલું કર્યું હતું.જ્યારે બાયડમાં આશા બેન વસાવા એ ઝેરી દવા પી આપઘાત નો પ્રયાસ કરતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલ માહિતી મુજબ ધનસુરા તાલુકાના સુકાવાંટડા ગામની રમીલા બેન જિંદગીથી તંગ આવી ગયા હોય તેમ ઘરમાં રસોડાના પાછળના ભાગે છતની વડી સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. કયા કારણોસર યુવતીએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું એ હજુ બહાર આવી શક્યું નથી પણ ધનસુરા પોલીસે શૈલેષ ભાઈ ખાંટ ની ખબરના આધારે તપાસ શરૂ કરી છે.બીજા બનાવમાં બાયડ ગામમાં રહેતા વસાવા પરિવારના આશા બેન વસાવાએ પણ પોતાના ઘરે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં ગંભીર હાલતમાં સારવાર માટે બાયડની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા છે. બનાવ અંગે પોલીસે ડો.પાર્થ પટેલની ખબર ના આધારે જાણવાજોગ નોધ લીધી છે.



લો કોલેજ હિંમતનગર ખાતે તારીખ ૧૭-૦૯-૨૦૨૧ ને શુક્રવારના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિને કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા 'વેક્સિનેશન કેમ્પ' નું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ તથા હિંમતનગર શહેરના ૪૧૨ જેટલી મોટી સંખ્યામાં લાભાર્થીઓ એ રસીનો પ્રથમ અને દ્વિતીય ડોઝ લીધેલ. કોલેજના આ દ્વિતીય રસીકરણ કેમ્પનું આયોજન કોલેજના સ્ટાફ મિત્રો તેમજ વેક્સિનેશન ટીમના સભ્યોના સહકારથી કરાયું હતું.

# સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

## જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે લોકપ્રશ્નો પદાધિકારીની રજૂઆત અંગે સમીક્ષા કરાઇ

બાયડ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી સભાખંડમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં જિલ્લાના અમલીકરણ પદાધિકારીની ઉપસ્થિતિમાં સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરજભાઇ પટેલ, અધિક નિવાસી કલેકટર શ્રી એચ.આર.મોદી, પ્રાંત અધિકારી અને લાઇન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ઉપસ્થિત રહીને લોકપ્રશ્નો અંગે તથા કચેરીના વહિવટી પ્રશ્નો અને સંકલન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરજભાઇ પટેલે આંતરસુંબામાં હરણાવ નદીના કાંઠે વસતા કાથોડી જ્ઞાતિના લોકોને પુનઃસ્થાપન અંગે તથા વરસાદી પાણીમાં તેમના ઘરો અને લોકોને દર વર્ષે જનજીવનને પ્રભાવિત કરતી સમસ્યા અંગે નક્કર આયોજન કરી કાયમી પ્રશ્નનો હલ થાય તે અંગે રજૂઆત કરી હતી. તે અંગે સબંધિત વિભાગને પ્રોટેકશન વોલ બનાવવા તથા તેમનું સ્થળાંતર કરી ઝૂંપડપટ્ટી જેવા કાચા મકાનો પાકા બને તે દિશામાં કદમ ઉઠાવવા અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

સંકલન ભાગ-૧ અને ભાગ-૨માં કર્મચારીઓના પેન્શન કેસ, નિવૃતિના લાભો, પેન્ડીંગ કેસ અંગે ચર્ચા કરીને ઝડપી નિકાલ લાવવા સૂચના આપી હતી. તથા




કર્મચારીઓના ખાનગી અહેવાલ લેખન અને મહેસૂલી લેણા અને વસૂલાત અંગે બેઠકમાં ચર્ચા કરી ઝડપી વસૂલાત અને દરેક મહિનામાં કેટલી વસૂલાત કરી તે આવતી સંકલનમાં રજૂ કરવા જણાવ્યું હતું સાથે સાથે ધારાસભ્યશ્રી અને સાસંદ શ્રીઓના પ્રશ્નોની રજૂઆત ઝડપી નિકાલ તાબાની કચેરીનું નિરીક્ષણ

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગુડ ગવર્નન્સ અંગે ડ્રિસ્ટ્રીક્ટ રોડ મેપ બનાવવા અને સૂચનો તેમજ ટેકનોલોજીનો ઉપયોગ અંગે ભાર મુક્યો હતો. અને સ્વાન્તય સુખાય પ્રોજેક્ટ દરેક અધિકારી અપનાવે કઇક નવુ કરે, આપની ઓફિસમાં પહેલા અને હવે શુબદલાવ લાવવા માંગો છો તે અંગે આયોજન કરે અને સ્વચ્છતા તથા સી.એમ.ડેશબોર્ડમાં આપની કામગીરીનું સારૂ રીફલેકશન થાય તે જોવા પર ભાર મુક્યો હતો. ટાઇમ બાઉન્ડ કામગીરી કરવા અને એકબીજી કચેરીના સંકલનમાં રહી પ્રશ્નો ઉકેલવા આગળ વધવા જણાવ્યું હતું. જયારે અધિક કલેકટર શ્રી મોદીએ સોશિયલ મિડીયાનો ઉપયોગ અને એકશન રીએકશન આપવા જણાવ્યું હતું, ટીવીટર હેન્ડલ દરેક અધિકારી કરે તે પણ ખૂબ જરૂરી છે. અને ડેટા એન્ટ્રી આઇ પોર્ટલમાં ચોકક્સ ડેટા એન્ટ્રી અને આઇ.આર.સી.એમ.એસ પોર્ટલનો ઉપયોગ અધિકારીએ માત્ર ડેટા એન્ટ્રી કરવા કર્મચારી ઉપર મદાર ન રાખે તેઓ જાતે પણ જુએ અને સિસ્ટમનો સમૂચિત ઉપયોગ કરે તે જોવા સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા રોજગાર અધિકારીએ અનુબંધમ વેબ પોર્ટલ તથા મોબાઇલ એપ અંગે વિસ્તૃત સમજ આપી હતી. અને રોજગારી સર્જન માટે યુવાનો તથા નોકરીદાતાની સરળ અને ઝડપી નોંધણી લાયકાત અનુસાર રોજગારીની તકોનું નિર્માણ કરવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં સાબરકાંઠા જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહીને બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# ભિલોડા શહેર ભાજપ સમિતિ દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ

ભિલોડા, તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં શ્રી મુધણેશ્વર મહાદેવ મંદિરમાં ભારત દેશના યશસ્વી લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મ દિવસ નિમિત્તે તેઓના દિર્ઘાયુ આયુષ્ય માટે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી.



ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ, અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ મનોજભાઈ પટેલ, ભિલોડા વેપારી એસોશીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી,ભિલોડા શહેર ભાજપ સમિતિ પ્રમુખ ચેતનસિંહ કચ્છાવા, મહામંત્રી રસિકભાઈ લખવારા, ઉપ પ્રમુખ અમરતભાઈ નિનામા, ઉપ પ્રમુખ ભરતભાઈ ઠાકોર, ઉપ પ્રમુખ કિશોરભાઈ પટેલ, ઉપ પ્રમુખ જશુભાઈ પંડ્યા, મંત્રી બિપિનભાઈ કડીયા, મંત્રી વિમલભાઈ પ્રજાપતિ સહિત સર્વે મંડળના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે રૂપાલ અને ગાંભોઈ સિવિલમાં ફૂટ વિતરણ કરાયું

ગાંભોઈ, તા.૧૮

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિવસ નિમિત્તે હિંમતનગર તાલુકાની રૂપાલ અને ગાંભોઈ સિવિલ હોસ્પિટલમાં ભાજપા સાબરકાંઠા જિલ્લા મહામંત્રીશ્રી મહેન્દ્રસિંહજી રહેવરની ઉપસ્થિતિમાં હોસ્પિટલના દર્દીઓને ફૂટ વિતરણ તેમજ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના પૂર્વ મહામંત્રીશ્રી પ્રવિણસિંહ રહેવર, જીલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી અમૃતસિંહ પરમાર, રૂપાલ તાલુકા સદસ્ય દક્ષાબેન પટેલ, ગાંભોઈ તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, ગાંભોઈ વેપારી મંડળના પ્રમુખશ્રી ભગવાનદાસ ચૌધરી તેમજ ભાજપા કાર્યકર દિલીપસિંહ રહેવર, જયેશભાઈ બારોટ, નરેન્દ્રસિંહ પરમાર વગેરે હાજર રહી દર્દીઓ જલ્દી સ્વસ્થ થાય તેવી શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે ગાંભોઈ પાસેના મહાદેવપુરા ગામે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



## પરવઠ ગામ પાસે રાહદારીને મોતની ટક્કર મારનાર એસ.ટી.ચાલક ઝડપાયો

બાયડ,( બ્યુરો ઓફીસ) તા.૧૮

વિજયનગર તાલુકાના પરવઠ ગામ નજીક રોડ ઉપર પસાર થતા રાહદારી યુવાનને એસ.ટી.બસ ની ટક્કર મારી મોતને ઘાટ ઉતારનાર ચાલકની ધરપકડ કરવામાં આવી છે. વિજયનગર તાલુકાના પરવઠ ગામનો વિજય બાબુ ભાઈ ડામોર તા.૧૬ ના રોજ ગામ નજીક રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો જે સમયે જૂનાગઢ ડેપો ની કાયમી રૂટ પર દોડતી જૂનાગઢ - વિજયનગર બસના ચાલક નારાયણે ટક્કર મારી યુવકને ફંગોળી નાખ્યો હતો.ગામ નજીક અકસ્માત ના પગલે લોકટોળાં સ્થળ ઉપર ઉમટી પડતા ચાલક બસ દોડાવી ફરાર થઈ ગયો હતો.જ્યારે અકસ્માતમાં ધાયલ વિજય ડામોરને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા પછી ગંભીર ઈજાથી મોત નિપજ્યું હોવાથી બાબુ ભાઈ ડામોર ની ફરિયાદના આધારે ચિઠોડા પોલીસે તપાસ કરી આરોપી એસ.ટી. ચાલકની અટકાયત કરી છે.

## મેઘરજમાં પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે

# રાંધણ ગેસ સહાય, ફૂટ વિતરણ, મફત નેત્ર નિદાન કેમ્પ સહીતના કાર્યક્રમ યોજાયા

## કાર્યકરોની અલગ અલગ ટીમો બનાવી જન્મદિવસની ઉજવણી કરાઈ


મેઘરજ તા.૧૮

૧૭ સપ્ટેમ્બર માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે મેઘરજ ભાજપ દ્વારા અલગ અલગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.જેમાં કસાણા વિશ્વ વિદ્યાલય ખાતે નેત્ર નિદાન કેમ્પ નું આયોજન યુવા મોરચો મેઘરજ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ભાજપના કાર્યકરો દ્વારા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ફૂટ વિતરણ કરી



પ્રધાનમંત્રીના જન્મદિવસની ખુશીઓ મનાવવામાં આવી હતી.તેમજ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ યોગેશ પટેલની આગેવાની હેઠળ વૃક્ષારોપણ કરાયું હતું. મેઘરજ પી સી એન હાઈસ્કૂલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા લાભાર્થીઓને ઉજવાલા યોજના અંતર્ગત રાંધણ ગેસ સહાયનો લાભ આપવામાં આવ્યો હતો.તેમજ સ્વચ્છતા અને ગ્રામ વિકાસ માં મહત્વની ભૂમિકા ભજવનાર સરપંચોને પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં મેઘરજ તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન ધમલાત, પ્રાંત અધિકારીજુહી પાંડે, એટીવીટી સદસ્ય આર કે પટેલ, સાબરકાંઠા બેંક ડિરેકટર નરેન્દ્રભાઈ ઉપાધ્યાય, રસિકભાઈ પટેલ, મામલતદાર, ટીડીઓ સુરેન્દ્રભાઈ સુથાર, લક્ષ્મણભાઈ ધમલાત સહિતના આગેવાન અને અધિકારી હાજર રહ્યા હતા. લાભાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## જન્મદિને વધામણી



ધીમતી હિતેશભાઈ લીબાણી
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ



જૈમિન પ્રજાપતિ
બાયડ



પરેશ ભાવસાર
વાત્રક હોસ્પિટલ
બાયડ



વિજય ચંદવાણી
બાયડ



જૈમિન એ.શાહ
અમદાવાદ(આકૃંદ)

રક્તદાન મહાદાન

## પાલનપુરના એક ગામમાં સગીરાની છેડતી કરતા ફરીયાદ

પાલનપુર, તા. ૧૮

પાલનપુરના એક ગામમાં રહેતા એક વ્યક્તિના ઘરે એમના દિકરાની બર્થડેપાર્ટી રાખેલી હતી.ત્યારે સગીરા અને તેના માતા-પિતા અને બહેન સાથે ગયા હતા.પરંતુ પાર્ટી મોડી હોવાથી સગીરાના માતા પિતા અને બહેન જતા રહ્યા હતા. જ્યારે સગીરા તેની બહેનપણીનો શણગાર કરતી હોવાથી પરીવાર સાથે ગઈ ન હતી. ત્યારે એક વ્યક્તિ આવી સગીરાને કહ્યુ તું કોણ છે એ પૂછતાં સગીરાએ પોતાનો પરિચય આપ્યો હતો. ત્યારે તે શખ્સે અંધારાનો લાભ લઈ સગીરાને કહ્યું કે તું મારી સાથે સબંધ બનાવ હું તને પૈસા આપીશ એમ કહી અંધારામાં ઝાડીમાં લઈ જઈ અને છેડતીનો પ્રયાસ કરતા સગીરા તેના પાસેથી છટકી ભાગી ગઈ હતી. અને પોતાની માતાને સમગ્ર વાત કરી હતી. જેથી સગીરાની માતાએ પ્રધાનજી ઠાકોર સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.